**રશિયન સેનામાં ભરતી થયેલા ભારતીયો અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં સત્તાવાર પ્રવક્તાએ આપેલા જવાબ**

11 સપ્ટેમ્બર, 2025

રશિયન આર્મીમાં ભરતી થયેલા ભારતીયો અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં સત્તાવાર પ્રવક્તા શ્રી રણધીર જયસ્વાલે કહ્યું:

અમે તાજેતરમાં રશિયન આર્મીમાં ભરતી થયેલા ભારતીય નાગરિકો વિશેના રિપોર્ટ જોયા છે. સરકારે પાછલા એક વર્ષમાં ઘણા પ્રસંગો પર આ કાર્યવાહીમાં અંતર્નિહિત જોખમો અને ખતરાને રેખાંકિત કર્યા છે અને તે અનુસાર ભારતીય નાગરિકોને સાવચેત કરેલ છે. અમે દિલ્હી અને મોસ્કો બંનેમાં રશિયન અધિકારીઓ સમક્ષ પણ આ મુદ્દો ઉઠાવ્યો છે, અને આ પ્રથા બંધ કરવા અને અમારા નાગરિકોને મુક્ત કરવા વિનંતી કરી છે. અમે અસરગ્રસ્ત ભારતીય નાગરિકોના પરિવારો સાથે પણ સંપર્કમાં છીએ.

અમે ફરી એકવાર તમામ ભારતીય નાગરિકોને રશિયન આર્મીમાં જોડાવા માટે કોઈપણ ઑફરથી દૂર રહેવાનો સખત આગ્રહ કરીએ છીએ કારણ કે આ જોખમથી ભરેલો માર્ગ છે.

**નવી દિલ્લી**

**11 સપ્ટેમ્બર, 2025**